ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગરને વર્ષ:૨૦૨૦-૨૧માં રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૨/૧૦/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૩૦/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ.

૨. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગરનો તા:૦૧/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક:ડૉ.આઅંવિનિ/૨૦૨૦/૫૧/હિસાબી/૪૭૧૭-૧૮.

3. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગરનો તા:૦૧/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક:ડૉ.આઅંવિનિ/૫૧/હિસાબી/૨૦૨૦/૫૯૮૯.

## આમુખ:-

આ વિભાગના વંચાણે લીધેલ ક્ર:૦૧ પરના તા:૩૦/૦૫/૨૦૨૦ના ઠરાવથી ચાલુ બાબતોને મળેલ વહીવટી મંજૂરી અન્વયે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગર દ્વારા ક્રમાંક:૦૨ અને ૦૩ પરના વંચાણે લીધેલ પત્રોથી વર્ષ:૨૦૨૦-૨૧માં વહીવટી ગ્રાન્ટ માટે આયોજન સદરે ચાલુ બાબત તરીકે થયેલ રૂ.૧૫૦.૦૦ લાખની (અંકે એકસો પચાસ લાખ પુરા) બજેટ જોગવાઈની સામે નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે રૂ.૧૫૦.૦૦ લાખની (અંકે એકસો પચાસ લાખ પુરા) વહીવટી ગ્રાન્ટ ફાળવવા દરખાસ્ત કરેલ છે.

## ઠરાવ:-

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે વર્ષ:૨૦૨૦-૨૧માં વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કુલ રૂ.૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈની સામે નિગમને વહીવટી ગ્રાન્ટ રૂપે રૂ.૧૫૦.૦૦ લાખ(અંકે એકસો પચાસ લાખ પુરા) નીચેની શરતોની આધિન આથી ફાળવવામાં આવે છે:-

૧. સને ૨૦૨૦-૨૧ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. વર્ષના અંતે જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

૫. નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં થયેલ ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર-૦૩ એસસીડબલ્યુ-૧૪ ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ (વહીવટી ગ્રાન્ટ)હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા:૦૭/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની(અનુ.જાતિ), ગાંધીનગર.

8. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. **ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.**

10. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.

11. પસંદગી ફાઇલ-૨૦૨૦.